Re-Accredited "B++" & 2.89 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

સંદર્ભ:- (1) યુનિવર્સિટી કાર્યાલયનો તા. ૧૨/૧૧/૨૦૨૫ નો પરિપત્ર ક્રમાંક : એકે./ટ્રાન્સફર/યુ.જી.-પી.જી./28741/2025
(2) File No. PG/ADMISSION/027699/2025, Date : 02/12/2025 પર મળેલ આદેશ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે,શૈક્ષણિક વર્ષ 2025-26 ના દ્વિતીય સત્ર દરમિયાન સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ NCF-NEP ના અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૨, સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર-૬ માં ઓનલાઈન કોલેજ ટ્રાન્સફર માટે વિદ્યાર્થીઓ પોતાના ડેશબોર્ડ માંથી લોગિન કરીને **ઓનલાઇન અરજી કરવાની અંતિમ તારીખ ૩૦/૧૧/૨૦૨૫ હતી, જે વધારી હવે વિધ્યાર્થીઓ તા. ૦૯/૧૨/૨૦૨૫ સુધી ઓનલાઇન અરજી કરી શકશે.**

1. વિધ્યાર્થીઓએ vnsgu.net પર જઈ પોતાના SPID નો Username તરીકે ઉપયોગ કરી પોતાનો password નાખી લૉગિન કરી પોતાના ડેશબોર્ડમાં જઈ College Transfer Application સિલેક્ટ કરી તેમાં જે સેમેસ્ટરમાંથી જે સેમેસ્ટર માં ટ્રાન્સફર મેળવવા માંગતા હોય તે સેમેસ્ટર સિલેક્ટ કરી Apply for College Transfer પર ક્લિક કરવાનું રહેશે.
2. વિધ્યાર્થીઓએ કોલેજ ટ્રાન્સફર માટે ઓછામાં ઓછી 1 અને વધુમાં વધુ 5 કોલેજની પસંદગી આપવાની રહેશે. પસંદગીની કોલેજમાં સીટ ખાલી હશે તો જ મેરીટ ના આધારે ટ્રાન્સફર થશે.
3. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2 માં ટ્રાન્સફર મેળવવા માટે,ધોરણ-12 નું મેરીટ, સેમેસ્ટર-4 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-2 નું મેરીટ, સેમેસ્ટર-6 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-4 નું મેરીટ ધ્યાનમાં લેવાશે. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2 માં ટ્રાન્સફર મેળવવા માટે ગ્રેજ્યુએશન નું મેરીટ, સેમેસ્ટર-4 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-2 નું મેરીટ ધ્યાનમાં લેવાશે.
4. અનુસ્નાતક કક્ષાએ પોતાની જ કોલેજમાં (દા.ત. હાયર ફી માથી લોઅર ફી માં) ફી ની કેટેગરી ટ્રાન્સફર કરવા માટે (જે અભ્યાસક્રમોમાં લાગુ પડતું હોય માત્ર તેમાં) પણ આજ અરજી લાગુ પડશે.
5. તમામ વિધ્યાર્થીઓની ઓનલાઈન અરજી મળ્યેથી જે કોલેજોમાં બેઠકો ખાલી હશે અને ટ્રાન્સફરની પ્રકિયા દરમિયાન બેઠકો ખાલી પડે તે કોલેજો/વિભાગમાં વિધ્યાર્થીઓની પસંદગી ના આધારે મેરિટના ધોરણે ટ્રાન્સફરની કાર્યવાહી કરવામાં આવશે.
6. અંગ્રેજી માધ્યમ માંથી ગુજરાતી માધ્યમમાં અને ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં ટ્રાન્સફર માટે પણ આજ ફોર્મ લાગુ પડશે.
7. કોલેજ ટ્રાન્સફર માટે એપ્લાઈ કરતી વખતે જે ટકાવારી હશે તે ધ્યાનમાં લેવાશે. એક વાર એપ્લાઈ થઈ ગયા બાદ એપ્લાઈ કરવાની નિયત સમયમર્યાદામાં વિધ્યાર્થી ફરી વાર એપ્લાઈ કરી શકશે. અને ત્યારે રિઝલ્ટ માં સુધારો હોય તો ફરીવાર એપ્લાઈ કરે ત્યારની નવી ટકાવારી ધ્યાનમાં લેવાશે.
8. ટ્રાંસફર ની પ્રકિયા સંપૂર્ણ ઓનલાઈન હોય વિદ્યાર્થીઓને નિયમિત (દરરોજ) પોતાનું ડેશબોર્ડ ચેક કરવાનું રહેશે તથા ટ્રાન્સફર અંગેની તમામ સૂચનાઓ અનુસરવાની રહેશે.
9. કોલેજ ટ્રાન્સફરની પ્રકિયા મેરિટના આધારે થતી હોવાથી કોલેજની પસંદગી સમજી વિચારીને કરવાની રહેશે, એક વાર વિદ્યાર્થીની પસંદગીની કોલેજમાં ટ્રાન્સફર માટે જે તે કોલેજે વેરિફાઇ કર્યા બાદ ફાઇનલ અલોટમેન્ટ થઈ ગયા બાદ વિદ્યાર્થી કોઈ પણ સંજોગોમાં પોતાની મૂળ કોલેજમાં પરત જઈ શકશે નહીં.
10. જો કોઈ વિદ્યાર્થી મેજર/માઇનોર વિષય બદલી અન્ય કોલેજમાં ટ્રાન્સફર મેળવવા માંગતો હોય તો આવા વિદ્યાર્થીઓએ તે વિષયના અગાઉના સેમેસ્ટરોના મેજર/માઇનોર વિષયોની પરિક્ષા આપવાની શરતે મેજર/માઇનોર વિષય બદલવાની જે કોલેજમાં વિષય ચાલતો હોય ત્યાં મંજુરી આપી શકાશે. (પરિપત્રક્રમાંક:એકે./NEP/૩૧૪૪૩/૨૦૨૩, તા.૨૦/૧૨/૨૦૨૩)
11. Open Dashboard from VNSGU.Net -> Go to College/Department -> Check College Transfer Tab -> Select Applied for Semester -> Select Minimum 1 College & Maximum 5 Colleges for Transfer & Submit -> Check the College Transfer Table.

Inwsd to Sunil
3-12-25
copy to web site

ક્રમાંક : એકે./ટ્રાન્સફર/યુ.જી.-પી.જી./30692/2025
તા.02/12/2025

શ્રી જે. પી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ.
આવક નં. 405
તારીખ 03/12/2025
ફાઈલ યુનિવર્સિટી

ઈ.ચા.કુલસચિવ